# હિંમતનગરની રિદ્ધિ સ્કૂલ ઓફ નર્સિંગની છાત્રાનું નર્સ બનવાનું સ્વપ્ન થયું સાકાર

## મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ અંતર્ગત શિષ્યવૃતિ મેળવી



બાયડ તા.૧૮

જિલ્લાનાં વડાલીની પ્રિયદર્શી દિયા ડાયાભાઈ મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના અંતર્ગત મેડિકલ શિક્ષણ માટે સહાય મેળવી હિંમતનગરની રિદ્ધિ સ્કૂલ ઓફ નર્સિંગના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરી રહી છે. દિયા જણાવે છે કે, શિક્ષણ પર દરેક વિદ્યાર્થીઓનો અધિકાર છે. પરંતુ ઘણી વખત આર્થિક પરીસ્થિતના કારણે અમારા જેવા વિદ્યાર્થીઓ શિક્ષણ અધૂરૂ છોડી દે અથવા તો પોતાની પસંદના કાર્યક્ષેત્રનો અભ્યાસ કરી શકતા નથી. મારા પિતા સામાન્ય આર્થિક સ્થિતિ ધરાવે છે અને ખેતી કરી ગુજરાત ચલાવે છે. અમે બે ભાઈ બહેન છીએ. દિયા અને તેના ભાઈને સારૂ શિક્ષણ આપવા પિતા પ્રયાસ કરી રહ્યા છીએ. પરંતુ આર્થિક સ્થિતિ નબળી હોવાના લીધે જો મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના અંતર્ગત મને શિષ્યવૃત્તિ મળતી ના હોય તો પોતે આ અભ્યાસ કરવા માટે આર્થિક રીતે અસમર્થ છે. સરકાર દ્વારા મને કોલેજની ફી રૂ. ૬૫,૦૦૦ તેમજ હોસ્ટેલ ફી અને ફૂડ બીલ તમામ માટે શિષ્યવૃત્તિ મળી રહી છે. જેના કારણે પિતાને આર્થિક બોજો સહન કરવો પડતો નથી અને પોતાનું નર્સ બનીને લોકોની સેવા કરવાનું સ્વપ્ન પણ પૂરું થઈ રહ્યું છે. વધુમાં તે જણાવે છે કે સરકાર દ્વારા આપવામાં આવતી આ સહાય થકી અનેક દીકરીઓના સ્વપ્ન સફળ થશે તેમજ વડાપ્રધાન શ્રીનું કન્યા કેળવણીનું સ્વપ્ન તેમજ મહિલાઓને આત્મનિર્ભર બનાવવાનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે. આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જે કન્યા કેળવણીની નેમ લીધી હતી આજે ખરેખર સાકાર થઈ રહી છે. છેવાડાના અંતરિયાળ વિસ્તારની દીકરી સુધી શિક્ષણનો ઉજાસ પથરાઈ રહ્યો છે. જેના માટે તે અને તેનો સમગ્ર પરિવાર વડાપ્રધાનશ્રી અને મુખ્યમંત્રીશ્રીના આભારી છે ભવિષ્યમાં દર્દીઓની સેવા કરીને પોતાનું ઋણ ચૂકવવા પ્રયાસ કરવા કટિબદ્ધ હોવાનું દિયા જણાવી રહ્યા છે.

# પ્રાંતિજ પોલીસે રાત્રીના સમયે એક ઈસમને ઝડપી પાડયો

## જી.પી.એક્ટ કલમ-૧૨૨ મુજબ ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી : પ્રાંતિજના અમીનપુર રોડ રેલ્વે ફાટક પાસેથી પ્રાંતિજના ઈસમને પોલીસે ઝડપી પાડયો

પ્રાંતિજ તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના અમીનપુરા રોડ રેલ્વે ફાટક પાસેથી રાત્રીના સમયે પ્રાંતિજ પોલીસે એક ઈસમ ને ઝડપી પાડી તેમની વિરૂધ્ધ કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી.પ્રાંતિજ પોલીસ રાત્રીના સમયે પ્રાંતિજ વિસ્તાર માં પેટ્રોલિંગ મા હતી તે દરમ્યાન પ્રાંતિજ ના અમીનપુર રોડ ઉપર આવેલ રેલ્વે ફાટક પાસે જતા એક ઈસમો પોલીસ ની ગાડી જોઈ ને સતાવા જતા પ્રાંતિજ પોલીસ ને શંકા જતા ચારે બાજુએ પોલીસ દ્વારા કોર્ડન કરી એક ઈસમો ને ઝડપી પાડયો હતો તો તેની પુછપરછ કરતા ગભરાયેલી હાલતમા અજય કુમાર ચંદુભાઈ વાધરી ઉ વર્ષ -૨૯ રહે પ્રાંતિજ ભાંખરીયા ટેકરા, કબીર ભુવન સામે તા.પ્રાંતિજ જિ સાબરકાંઠા રહેતો હોવાનુ જાણવા મળ્યુ હતુ અને વધુ પુછપરછ કરતા પકડાયેલા ઈસમ દ્વારા કોઈ જ સંતોષ કારક જવાબ ના આપતા પ્રાંતિજ પોલીસ દ્વારા જી.પી.એક્ટ કલમ-૧૨૨(સી) મુજબ ગુનોનોધી ઈસમ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# પાલનપુરના જુના પાવર હાઉસમાં હાઈ વોલ્ટેજ પ્રવાહ ધરાવતી ખુલ્લી વીજ ડીપી ઓથી હોનારત સર્જાવાની ભીતિ

## સ્કૂલની બાજુમાં જમીનથી બે ફૂટની ઊંચાઈ પર ખુલ્લી વીજ ડીપીથી અકસ્માત સર્જાવાની દહેશત



પાલનપુર તા.૧૮

સરહદી બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર ખાતે આવેલ જુના પાવર હાઉસ વિસ્તારમાં જમીનથી ફક્ત એક-બે ફૂટ ની ઊંચાઈ પર આવેલી ત્રણ જેટલી ખુલ્લી વીજ ડીપીઓ ને લઈ સ્થાનીકોમાં મોટો અકસ્માત સર્જાવાની દહેશત વર્તાઈ રહી હોઈ વીજ તંત્ર દ્વારા સ્કૂલ નજીક આવેલી જોખમી વીજ ડીપીની સુરક્ષિત જાળવણી કરવામાં આવે તેવી સ્થાનિકોમાં ઉગ્ર માંગ ઉઠી છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરોચીફ શ્રી ગણપતલાલ કે. જોષી પાલનપુર નો અહેવાલ વધુમાં જણાવેલ છે કે,પાલનપુર શહેરના માધ્યમ આવેલા જુના પાવર હાઉસ વિસ્તારમાં જાહેર રસ્તા ઉપર જમીન થી માત્ર બે ત્રણ ફૂટની ઊંચાઈ પર હાઈ વોલ્ટેજની મોટી ત્રણ ડીપીઓ ખુલ્લી હાલતમાં હોઈ ગમે ત્યારે મોટી હોનારત સર્જી શકે તેમ છે. છેલ્લા કેટલાય વર્ષોથી પાવર હાઉસ વિસ્તારમાં એક સાથે લાઈનસર હેવી વોલ્ટેજની ત્રણ વીજ ડીપીઓ કાર્યરત છે. પરંતુ આ ત્રણેય ડીપીઓ ખુલ્લી હાલતમાં જ છે. તેના તમામ વાયરો અને ફ્યુઝ ખુલ્લા પડ્યા છે. તેની ઉપર કોઈપણ પ્રકારનું કવર કે પેટી અથવા કોઈ પ્રોટેક્શન કરાયું નથી અને નવાઈની વાત એ છે કે આ ત્રણેય હેવી વીજ ડીપીઓ જમીનથી ફક્ત એક -બે ફૂટ જ અધ્ધર છે. જેથી ત્યાંથી પસાર થતા બાજુની સ્કૂલના નાના બાળકો તેમજ પશુઓ આસાનીથી આ વીજ ડીપીના ઝપેટમાં આવી જાય તેમ છે.જોકે, જમીનને અડીને જ આ તમામ ડીપીઓ આવેલી હોવાથી તેનો હેવી કરંટ રસ્તા ઉપર અવારનવાર ઢોળાતા પાણી કે વરસાદ વખતે પાણીમાં ઉતરી શકવાની સંભાવના વર્તાઈ રહી છે. તેમજ આ વિસ્તારમાં ટેક્સટાઈલ માર્કેટ આવેલું હોવાથી ત્યાં અનેક દુકાનોના કારણે લોકોની ભારે અવર જવર રહેશે તો નગરપાલિકાનું પાર્કિંગ પણ વીજ ડીપીની નજીક હોવાથી ત્યાં લોકોનો ઘસારો રહે છે. તેમ છતાં વિજ તંત્ર દ્વારા કોઈ દરકાર લેવામાં ન આવતા ખુલ્લી અને જોખમી વિજ ડીપીઓનો કારણે ભવિષ્યમાં કોઈ મોટી હોનારત સર્જાય તે પહેલાં વિજ તંત્ર દ્વારા ખુલ્લી વીજ ડીપીઓને સુરક્ષિત જગ્યાએ ખસેડવા ની સ્થાનિકો માંગ કરી રહ્યા છે.

# સઢામાં પંચકુંડી વિષ્ણુયાગ યજ્ઞની પૂર્ણાહુતિ...



ગાંભોઈ, તા.૧૮

હિંમતનગર તાલુકાના સઢા ગામે વારાહી માતાજી મંદિરના પરિસરમાં યજુર્વેદચાર્ય પ્રેમનારાયણ કાંતિલાલ શુક્લાના આચાર્ય પદે પંચકુંડી હોમાત્મક વિષ્ણુયાગનું શુક્રવારથી સોમવાર સુધી પાંચ દિવસીય આયોજન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે અગ્નિ સ્થાપન, ગૃહશાંતિ કર્મ, તુલસી સહસ્ત્ર દલાર્પણ, સુક્ત હોમ વગેરે ધાર્મિક વિધિ વૈદિક મંત્રોચ્ચાર સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે ભાજપા મહામંત્રી મહેન્દ્રસિંહ રહેવર, હિંમતનગર ધારાસભ્ય વી.ડી.ઝાલા, અતુલભાઈ દિક્ષિત, સઢા ગામના પૂર્વ સરપંચ રાજેન્દ્રસિંહ રાઠોડ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### માટી ચોરી પ્રકરણમાં ભૂસ્તર વિભાગ આકરા પાણીએ

# ધનસુરાના હીરાપુરકંપામાં ગેરકાયદે માટી ખોદકામમાં રૂા. ૮.૮૦ લાખ વસુલવા નોટિસ

## હિંમતનગરના રોડ કોન્ટ્રાક્ટરને નોટિસ અપાતાં ખળભળાટ એન.ડી. લખેલાં વાહન કોનાં ? ફરી ચર્ચા શરુ



બાયડ, તા.૧૮ ધનસુરા તાલુકાના હીરાપુરકંપામાં ગત સપ્તાહે તળાવમાંથી ગેરકાયદે માટી ખોદકામ અને ઉપયોગમાં લેવાયેલા વાહનો જપ્ત કર્યા પછી

**ગેરકાયદે માટીનું ખોદકામ અને દાદાગીરી**

છેલ્લા કેટલાય સમયથી હીરાપુરકંપાના તળાવમાંથી ગેરકાયદે માટીનું ખોદકામ થતાં કેટલાક લોકો દ્વારા તેને અટકાવવાનો પ્રયાસ થયો ત્યારે કોઈ પા ખીલાના જોરે કૂદતા હિંમતનગરના બિલ્ડરોએ બળ પૂર્વક લોકોના અવાજને દબાવવાનો પ્રયાસ કર્યો પરંતુ આખરે ગેરકાયદે માટી ખોદકામ કરનારા સામે ભૂસ્તર વિભાગ-અરવલ્લી દ્વારા સકંજો કસી દેવામાં આવ્યો છે.

**અરવલ્લી ખાણખનિજ વિભાગરું ૬૯.૧૦ કરોડની રોયલ્ટી આવક સાથે મોખરે**

અરવલ્લી ખાણખનિજ વિભાગને ગત નાણાકીય વર્ષ દરમ્યાન ૨૬૮.૨૦ કરોડની રોયલ્ટી આવક મેળવવા માટે ટાર્ગેટ આપવામાં આવ્યો હતો જેની સામે અરવલ્લી જિલ્લા ખાણખનિજ અધિકારી મન ચૌધરી અને તેમની ટીમ દ્વારા સારી કામગીરી કરી ૬૯.૧૦ કરોડની રોયલ્ટી આવક સાથે ૧૦૧ ટકા કામગીરી સાથે અગ્રેસર રહ્યાનું જાણવા મળ્યું છે.

ભૂસ્તર વિભાગ, અરવલ્લી દ્વારા માપણી આધારે હિંમતનગરના રોડ કોન્ટ્રાક્ટરને રુ ૮.૮૦ લાખ વસુલવા નોટિસ અપાતાં ખળભળાટ મચ્યો છે. જ્યારે સદર કોન્ટ્રાક્ટરોએ અન્ય વિસ્તારોમાંથી પણ ગેરકાયદે માટીનું વહન કર્યું છે કે કેમ ?? તેની બંન્ને જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા તપાસ થાય તો અનેક ચોંકાવનારા ઘટસ્ફોટ થઈ શકે છે. જ્યારે ગેરકાયદે માટીનું વહન કરવામાં ઉપયોગમાં લેવાયેલા વાહનોમાં એન.ડી. લખેલું હતું તે વાહનો કોનાં ?? તેની ચર્ચાઓ શરુ થઈ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર તાલુકાના હીરાપુરકંપાના સીમાડામાં તળાવમાંથી ગેરકાયદે માટીનું ખોદકામ કરવામાં આવતું હોવાની ફરિયાદ થયા પછી અરવલ્લી જિલ્લા ભૂસ્તર શાસ્ત્રી મન ચૌધરી અને તેમની ટીમે રાત્રે ઓચિંતિ તપાસ હાથ ધરી ત્યારે હિંમતનગરના રોડ કોન્ટ્રાક્ટર અને તેમના મળતિયાઓએ તંત્રને અવરોધવાનો પ્રયાસ કરતાં અને જપ્ત કરેલું હિટાચી મશીન ઉતારી દીધાની ગંભીર ઘટના પછી સરકારી કામમાં રુકાવટ થતાં ધનસુરા અને બાયડ પોલીસને બોલાવવામાં આવી હતી ત્યારબાદ તંત્ર દ્વારા રુ ૫ લાખનાં બે વાહનો જપ્ત કરાયાં હતાં અને ત્યાર પછી તળાવમાંથી ગેરકાયદેસર માટીનું કેટલું ખોદકામ થયું છે તે માટે માપણી કરાતાં ૧૩૭૪.૧૨ મેટ્રીક ટન ગેરકાયદેસર માટી, ખોદકામ અને વહન થયાનું તપાસ દરમ્યાન જણાઈ આવતાં હિંમતનગરના રાજેન્દ્ર ચૌધરી અને નરેન્દ્ર ચૌધરીને રુ ૮.૮૦ લાખ વસુલવા વિધિવત નોટિસ આપવામાં આવ્યાનું ભૂસ્તર શાસ્ત્રી-અરવલ્લી દ્વારા જણાવવામાં આવ્યું છે.

# ધાનેરા વિધાનસભા-૯ માં લોકો સારા દિવસોની રાહ જોઈ રહ્યા છે પણ સારા દિવસો આવશે ક્યારે?

ધાનેરા તા.૧૮



માવજીભાઈ દેસાઈને ધાનેરા ના ધારાસભ્ય બન્યાને ત્રણ મહિના થયા છે ત્રણેક મહિનામાં કોણ તમે ને કોણ હું? ની નીતિ અપનાવતા લોકોમાં નારાજગી જોવા મળી રહે છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ વધુમાં જણાવે છે કે,ધાનેરા તાલુકા માં વિકાસ ઓછો અને સમસ્યા વધુ તો જવાબદાર કોણ? ધાનેરા માં વિધાનસભાની ચૂંટણી દરમિયાન સર્વે સમાજના ધારાસભ્ય ખુબ જ સક્રીય હતાં પરંતુ ચૂંટણી જીતી ગયા બાદ ધારાસભ્ય ધાનેરામાં ક્યાંય જોવા મળતા નથી.ધાનેરા માં કાંઈક આવુ જ ચિત્ર જોવા મળી રહ્યુ છે. પૂર્વ ધારાસભ્ય ઓછા દેખાતા હતા તેથી લોકોની સમસ્યા હલ થતી ન હતી પરંતુ નવા ધારાસભ્ય આવ્યા છતાં સમસ્યા યથાવત વિકાસ ઓછો અને સમસ્યા વધુ જોવા મળી રહી છે. અચ્છે દિનની રાહ હજું ક્યાં સુધી સુધી લોકોને જોવી પડશે તેવું લોકોમાં ચર્ચાય રહ્યુ છે. ધાનેરા ના ધારાસભ્ય જીત્યા પછી એક પણ વિકાસના કામો કર્યા નથી અને અધુરા કામથી લોકોમાં નારાજગી પણ છે ધાનેરા નું નામ મોટુ છે? આ ઉપરાંત નાના-મોટા વેપાર ધંધા વેપારીઓ કરી રહ્યા છે છતા ઘણી સમસ્યા યથાવત છે જેમાં શહેરમાં રોડ રસ્તા ગંદકી અને પાર્કીંગની વ્યવસ્થા ના હોવાથી બહારગામથી આવતા લોકો તેમજ શહેરીજનોને વાહનો રોડ પર પાર્કીંગ કરવા પડતા હોય છે શહેરની અંદર કોઈ સારો બગીચો નથી ગ્રામ્ય વિસ્તારમાં દારૂનુ દુષણ કેટલાક વિસ્તારમાં છે કેટલાક ગામડાના રોડ ખખડધજ હાલતમાં છે અને કેટલાક રોડ પર લેવલ ના હોવાથી વાહન ચાલકોની મૂશ્કેલી વધી છે. ટ્રેનો ઓછી ફાળવેલ છે કેટલાક વિસ્તારમાં જાહેર શૌચાલય છે તો સફાઈ જોવા મળતી નથી બસની સુવિધા છે પણ અમુક રૂટની બસો બંધ કરવામાં આવી છે શહેરમાં સરકારી હોસ્પિટલ છે. તો કોઈ સુવિધાઓ જોવા મળતી અને ઈમર્જન્સીમાં બહાર રીફર કરવામાં આવે છે પુલ બન્યા પછી સર્વિસ રોડ પણ જોવા મળતો નથી આવી અનેક સમસ્યાઓ હોવાથી લોકોમાં રોષ ફેલાયો છે મોંઘવારી બેકારી નબળુ શિક્ષણ મોંઘ વીજળી, પેટ્રોલ-ડીઝલ મોંઘા ગેસના ભાવ વધુ વગેરે પ્રશ્નથી લોકોમાં કચવાટ ફેલાયો છે સરકાર કચેરીમાં લોકોને કામ માટે ધક્કા થાય છે અને ભ્રષ્ટાચાર વધ્યો હોવાની લોકોમાં ચર્ચા છે? પણ ઘણી સમસ્યા યથાવત છે છતાં ધારાસભ્ય મૌન ધારણ કરીને બેસી રહ્યા છે તેથી લોકોમાં નારાજગી જોવા મળી રહી છે.

# પાલનપુરના ગાયનેક તબીબને દુષ્કર્મ કેસમાં ફસાવી દેવાની ધમકી સાથે રૂ.પાંચ લાખની ખંડણીની માંગ

## તબીબ પાસેથી ઓનલાઇન ૩૦ હજાર પડાવી લઇ બદનામ કરવાની ધમકી આપતા ફરિયાદ : વડનગરની મહિલાએ વોટ્સેપ પર અભદ્ર મેસજ કરી ડોક્ટરને ફસાવવાનો કારસો ઘડયો

પાલનપુર તા. ૧૮

પાલનપુરના ડોક્ટર હાઉસ વિસ્તારમાં આવેલ એક સ્ત્રી રોગની હોસ્પિટલમાં સારવાર કરાવવાના બહાને આવેલી એક મહિલાએ તબીબના મોબાઈલ વોટ્સેપ પર અવાર નવાર અભદ્ર મેસેજ કર્યા હતા. જે બાદ મહિલાના ભાઈ ની ઓળખ આપી પોરબંદર ના એક ઈસમે તબીબને બળાત્કાર ના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી પતાવટ પેટે રૂપિયા પાંચ લાખની ખંડણી માંગી તેમજ ડરાવી ધમકાવી ઓન લાઈન રૂ. ૩૦ હજાર પડાવી લેતા આખરે પોલીસે મહિલા સહિત ચાર વ્યક્તિ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુરના ડોક્ટર હાઉસ માં આરતી ગાયનેક હોસ્પિટલ ધરાવતા અને શહેરના હનુમાન ટેકરી વિસ્તાર આવેલ નીલકંઠ સોસાયટીમાં રહેતા ડો.હર્ષદ કુમાર અરવિંદભાઈ પટેલની હોસ્પિટલ માં ગત વર્ષે વડનગરની નાજમીનબેન મહમદખાન પઠાણ નામની મહિલા સારવાર માટે આવી હતી. જેને લઈ તબીબે તેને રિપોર્ટ કરવાનું કહેતા આ મહિલા જતી રહી હતી. બાદમાં આ મહિલા તબીબના વોટ્સેપ પર પોતે ગરીબ હોઈ રિપોર્ટ કરાવી શકી નથી જણાવી અભ્રદ્ર ભાષા માં વાત કરી હતી. જે બાદ તબીબ પર અજાણ્યા નંબર થી મહિલા દર્દીના ભાઈની ઓળખ આપી બળાત્કાર ના કેસમાં ફસાવવા તેમજ હોસ્પિટલ બંધ કરાવી દેવાની ધમકી આપી પતાવટ પેટે પાંચ લાખની માગણી કરાઈ હતી.



**આરોપીએ એક માસ અગાઉ તબીબની ચેમ્બર માં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો**

પાલનપુરના તબીબ હર્ષદ પટેલ ને ખોટા બળાત્કાર ના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી તેમની પજવણી કરતો પોરબંદર સાહિબાન ઉર્ફે મુન્નાભાઈ મીર ગત તા.૨૦ માર્ચના અજાણ્યા બે ઈસમો સાથે તબીબની હોસ્પિટલમાં આવી બળજબરી પૂર્વક તબીબની ચેમ્બરમાં ઘુસવાનો પ્રયાસ કરતા હોસ્પિટલમાં સ્ટાફે તેને ચેમ્બરમાં ઘૂસવા ન દેતા તેને તબીબને બળાત્કાર ના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી પતાવટ પેટે પાંચ લાખની માંગણી કરી હતી.

જોકે તબીબે કોઈ પ્રત્યુતર ના આપતા તે બાદ ફરી અજાણ્યા નંબર થી પોરબંદર થી સાહિબખાન મિર ઉર્ફે મુન્ના ભાઈ ડોન ની ઓળખ આપી તબીબને તેમની હોસ્પિટલ આવેલ નાજમિન બેન ની છેડતી કરી બળાત્કાર કરવાની કોશિશ કરી હોઈ નાજમિન પાસે બળાત્કારનો કેસ કરાવી બદનામ કરવાની ધમકી આપી પતાવટ પેટે પાંચ લાખની માંગણી કરી ઓનલાઈન ૩૦ હજાર પડાવી લેવામાં આવતા આખરે તબીબે નાજમીનબેન મહમદ ખાન પઠાણ રહે.વડનગર, સાહિબાન ઉર્ફે મુન્નાભાઈ મિર રહે.રણાવાવ પોરબંદર અને અજાણ્યા બે ઈસમો સામે પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે બનાવની તપાસ હાથ ધરી છે.

# સાબરકાંઠા જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનનો ચુકાદો: વિમા ધારકને ૩૦ દિવસમાં વ્યાજ સાથે નાણાં ચૂકવો

તલોદ તા ૧૮

વીમા કંપનીઓ વીમો અને મેડીક્લેમ ગ્રાહક ને આપતી વખતે મધ ઝરતાં પ્રલોભનો આપે છે જ્યારે વીમા ધારક ને પૈસા ચૂકવવાના થાય ત્યારે અનેક બાબતો આગળ કરીને ઠાગા થૈયા કરે છે,, આવાજ એક કિસ્સામાં સાબરકાંઠા જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન એ તલોદ ના એક વીમાધારક પોલિસી હોલ્ડર ની તરફેણ માં હુકમ કરીને વિના કંપનીને રૂ.૨ લાખ ૭ હજાર ૯૫૫ ફરિયાદ દાખલ થઈ ત્યારથી એટલેકે તા.૧૯/૨/૨૨ થી ૯ ટકા વ્યાજ સાથે ચૂકવી દેવા હુકમ કરેલ છે. તેમજ ફરિયાદી ને માનસિક ત્રાસ પેટે રૂ ૫૦૦૦/- તેમજ ફરિયાદ ખર્ચના રૂ ૩૦૦૦/૦ પણ એક માસમાં ચૂકવી દેવાનો હુકમ ફટકારતા કમિશન નો આ હુકમ આવકારદાયક અને વિશાળ ગ્રાહક વર્ગના હિત નો લેખાઈ રહ્યો છે .

સાબરકાંઠા જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન ના પ્રમુખ અરવિંદકુમાર એસ.ગઢવી એ તા.૨૮/૩/૨૨ ના રોજ કરેલ ઉક્ત હુકમ ના કેસ ની વિગત એવી છે કે, તલોદ ખાતે દવાની દુકાન ધરાવતા જૈમિન ચંદ્રકાંત ભાઈ શાહ રૂ.૫ લાખ નું વીમા કવચ ધરાવતી વીમા પોલિસી ધરાવતા હતા.ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની પાસેથી બે પોલિસી લીધી હતી જે સમયાંતરે એપોલો મ્યુનિચ.હેલ્થ ઈન્સ્યોરન્સ કંપની દ્વારા રીન્યુ કરાવી હતી સમયાંતરે એપોલો મ્યુનિચ કંપની એચડીએફસી અરગો જનરલ ઈન્સ્યોરન્સ કંપની અમદાવાદ માં મર્જ થઈ ગઈ હતી. પોલિસી નો સમય ગાળો એપ્રિલ ૨૦૧૮ થી એપ્રિલ ૨૦૧૯ સુધીનો હતો. દરમિયાન વીમા ધારક જૈમિન શાહ ને ઓકટોમ્બર ૨૦૧૮ માં મો માં ચાંદા પડેલા જેની પ્રાથમિક દાકતરી સારવાર તલોદ ખાતે લીધી હતી .પરંતુ દર્દ માં રાહત ના જણાતા અને તબીબ ના અભિપ્રાય મુજબ તેમણે અમદાવાદ કોઈ નિષ્ણાત તબીબ ને બતાવવાનું નક્કી કરીને,નારણપુરા અમદાવાદ ખાતેની હેડ એન્ડ નેક કેન્સર કેર હોસ્પિટલ ના નિષ્ણાત હેડ એન્ડ નેક કેન્સર સર્જન ડૉ.દર્શન દોશી ને બતાવીને ડૉ.દોશી ની સલાહ મુજબ તા.૩૧/૧૦/૨૦૧૮ ના રોજ તેમની હોસ્પિટલ માં દાખલ થઈને ઓપરેશન કરાવ્યું હતું.ઓપરેશન બાદ તા.૫/૧૧/૧૮ ના રોજ હોસ્પિટલમાંથી ડીસચાર્જ થયા હતા.આ ઓપરેશન સહિતની સારવાર નો તેમને રૂ ૨ લાખ ૭ હજાર ૯૫૫ નો કુલ ખર્ચ થયો હતો .જે માટે તેઓ એ વીમા પોલિસી ના નિયમ અન્વયે હોસ્પિટલ સારવાર ના થયેલ ખર્ચ ના વળતર માટે ક્લેઈમ કરેલો..બાદ કંપની એ અન્ય ડોક્યુમેન્ટ્સ પણ માંગતા તેઓએ તેની પૂર્તતા પણ કરી હતી .છતાં ક્લેઈમ મંજૂર થયો નહતો. આખરે વીમા કંપની એ એવું તારણ કાઢીને ક્લેઈમ "ના મંજૂર" કરેલ કે, જૈમિન શાહ એ જ્યારે વીમા પોલિસી લીધી હતી તે અગાઉ ની આ દર્દની હિસ્ટ્રી છે. જેથી ક્લેઈમ મંજૂર થાય નહિ. . પરંતુ સાબરકાંઠા જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન સમક્ષ આ બાબત ન્યાય માટે મૂકવામાં આવી ત્યારે કમિશન એ વીમા કંપની નો દાવો ખોટો ઠરાવીને અરજદાર ની પોલીસી પહેલાની સદર દર્દ ની હિસ્ટ્રી હોય તો,તે અંગેના પુરાવા રજૂ કરવા પણ જણાવેલ ....જે વીમા કંપની રજૂ નહિ કરી શકતાં આખરે ઉક્ત હુકમ કરેલ છે.

# વાત્રક નજીકની ક્વોરીમાં જીવંત વિજ વાયર ડમ્પર ઉપર પડતાં ભડભડ સળગ્યું

## ચાલકે છલાંગ લગાવતાં ચમત્કારીક બચાવ, વિજ તંત્રની બેદરકારી સામે આવી

બાયડ, તા.૧૮

બાયડ તાલુકાના વાત્રક નજીકની ક્વોરીમાં શનિવાર સવારે જીવંત વિજવાયર બહાર નિકળતા ડમ્પર ઉપર પડતાં ડમ્પર ભડભડ સળગી હાડિપંજરમાં ફેરવાઈ ગયું હતું. જ્યારે ચાલકે છલાંગ લગાવતાં સામાન્ય ઈજા પછી ચમત્કારીક બચાવ થયો હતો. જિલ્લામાં અનેક વિસ્તારોમાં વિજતાર નબળા પડી ગયા છે અને તૂટી પડવાથી દુર્ઘટનાઓ બનતી હોય છે. એક રીતે વિજતંત્રની બેદરકારીના કારણે દુર્ઘટના બન્યાનું સ્થાનિક લોકોએ જણાવ્યું છે. પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ તાલુકાના વાત્રક ગામના સીમાડામાંઆવેલી મિલન ક્વોરીમાંથી ડમ્પર (નં.જી.જે.૦૧-એફટી-૯૧૫૫) પ્રવેશદ્વાર પાસેથી બહાર આવી રહ્યુંહતુંત્યારે તેની ઉપરથી પસાર થતી વિજલાઈન એકાએક તૂટીને ડમ્પર ઉપર પડતાં ડ્રાઈવરને વિજ કરંટ લાગ્યો અને સ્થિતિ પામી જતાં ડ્રાઈવર કિરણભાઈ છબાભાઈ પરમાર(રહે.બીબીપુરા, તા.બાયડ) કૂદી પડતાં સામાન્ય વિજ કરંટ પછી તેમનો બચાવ થયો પરંતુ ડમ્પર આગની જવાળાઓમાં આવ્યા પછી સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયું હતું. વાત્રક નજીકની ક્વોરીમાં જીવંત વિજવાયર પડતાં ડમ્પર સળગ્યાની ઘટના બહાર આવતાં અનેક લોકો બનાવ સ્થળે પહોંચ્યા હતા.

